ફિલ્મ, રમતજગત, રાજકારણની અનેક હસ્તિઓ ઉપરાંત વિવિધ દેશોના રાજદ્વારીઓ પણ હાજર

અનેક આમંત્રિતોની ગેરહાજરી પણ જણાઇ, મુકેશ અંબાણીએ 2.51 કરોડનું દાન જાહેર કર્યું

અમિતાભ, મુકેશ-અનિલ અંબાણી, સચિન તેંડુલકર સહિત વિવિધ ક્ષેત્રના અનેક મહાનુભાવો હાજર

અયોધ્યા, તા. 22 : આજે અહીં યોજાયેલા પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવમાં હાજર રહેવા માટે વિવિધ ક્ષેત્રના અનેક મહાનુભાવોને આમંત્રણ અપાયું હતું, જેમાંથી નોંધપાત્ર સંખ્યામાં મહાનુભાવો હાજર રહ્યા હતા. દિગ્ગજ કહી શકાય તેવી હસ્તિઓમાંથી બોલીવુડ સુપરસ્ટાર અમિતાભ બચ્ચન, ટોચના ઉદ્યોગપતિઓ મુકેશ-અનિલ અંબાણી અને લક્ષ્મી મિત્તલ અને દંતકથારૂપ ક્રિકેટર સચિન તેંડુલકરની હાજરી હતી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આરઆઇએલ) ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાનીએ તેમના પરિવારના સભ્યો સાથે અયોધ્યામાં રામ મંદિર નિર્માણ અને વ્યવસ્થાપનના પ્રભારી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને 2.51 કરોડ રૂપિયાનું દાન આપ્યું છે.

આમ તો ૮૦૦૦ જેટલા લોકોને આમંત્રણ અપાયું હતું, જેમાંથી ચુનંદા આમંત્રિતોની યાદી ૫૦૬ની હતી, જે એ-લિસ્ટરો હતા. જેમાં પીઢ રાજકારણીઓ, અગ્રણી ઉદ્યોગપતિઓ, ટોચના ફિલ્મ સ્ટારો, ખેલાડીઓ, રાજદ્વારીઓ, જજો અને ઉચ્ચ ધર્મગુરુઓનો સમાવેશ થતો હતો.

દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણી અને તેમનું કુટુંબ, સ્ટીલ ટાઇકૂન લક્ષ્મી મિત્તલ, ટેલિકોમ બાદશાહ સુનીલ ભારતી મિત્તલ, રિલાયન્સ ગ્રુપના વડા અનિલ અંબાણી, આદિત્ય બિરલા ગ્રુપના અધ્યક્ષ કુમાર મંગલમ બિરલા અને તેમના પુત્રી અનન્યા બિરલા એ ભારતીય ઉદ્યોગ જગતની એ ટોચની હસ્તિઓ હતી જેમણે આ સમારંભમાં હાજરી આપી હતી. ફિલ્મ જગતમાંથી અમિતાભ ઉપરાંત રણબીર કપૂર અને તેની પત્ની આલીયા ભટ, વિકી કૌશલ અને તેની પત્ની કેટરીના કૈફ, જેકી શ્રોફ, અનુપમ ખેર, માધુરી દિક્ષીત અને તેના પતિ, હેમા માલિની, મધુર ભંડારકર, દક્ષિણના સુપરસ્ટાર રજનીકાંત, શેફાલી શાહ અને તેના પતિ વિપુલ શાહ, મધુર ભંડારકર, સુભાષ ઘાઇ, અનુ મલિક, સોનુ નિગમ, ગાયિક કૈલાસ ખેર, ઝુબીન નૌટિયાલ વગેરેએ આ સમારંભમાં હાજરી આપી હતી. રામાયણ સિરીયલમાં રામ અને સીતાનો રોલ ભજવનાર અરુણ ગોવિલ અને દીપીકા ચીખલીયા પણ હાજર હતા. કંગના રાણાવત તો શનિવારથી જ પહોંચી ગઇ હતી અને અયોધ્યામાં યજ્ઞ વગેરે પણ કર્યા હતા. રમતજગતની હસ્તિઓમાંથી સચિન તેંડુલકર ઉપરાંત ભૂતપૂર્વ એથ્લેટ પી.ટી. ઉષા, ક્રિકેટર રવિન્દ્ર જાડેજા અને બેડમિંટલ ખેલાડી સાઇના નેહવાલ સહિત કેટલાક સ્પોર્ટ્સ સ્ટારો હાજર હતા.

» અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચન અને અનિલ અંબાણી

» અંબાણી પરિવાર સાથે સચીન



» કંગના રણૌત

» હેમા માલિની



» અનુપમ ખેર અને મનોજ જોષી

» રજનીકાંત

» બાબા રામદેવ

» કેટરિના-કૈફ-વિકી કૌશલ અને માધુરી દિક્ષિત

» અયોધ્યામાં રામ મંદિર પ્રતિષ્ઠાન સમારોહમાં અભિનેતા કે. ચિરંજીવી અને રામ ચરણ સાથે ભૂતપૂર્વ રમતવીર અને સાંસદ પી. ટી. ઉષા.

અડવાણી હાજર ન હતા

મંદિર ચળવળ સાથે સંકળાયેલા જૂના જોગીઓમાંથી સાધ્વી ઋતંભરા, ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ઉમા ભારતી આ સમારંભમાં હાજર હતા જેઓ એકબીજાને ભેટીને રડતા પણ જોવામાં આવ્યા હતા. ભાજપની મંદિર ચળવળના પ્રણેતા જેવા અડવાણીને આમંત્રણ હતું પણ તેઓ હાજર હતા નહીં. સખત ઠંડીને કારણે તેઓ આવ્યા નહી હોવાનું જણાવાયું હતું. તેમના સાથીદાર મુરલી મનોહરન જોષીને અને કલ્યાણ સિંહને પણ આમંત્રણ હતું પરંતુ તેઓ પણ દેખાયા ન હતા. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ રામનાથ કોવિંદ અને પ્રતિભા પાટીલને પણ આમંત્રણ હતું પરંતુ તેઓ પણ દેખાયા ન હતા.

અમિતાભ ખાસ વિમાનમાં આવ્યા

પીઢ અભિનેતા અમિતાભ બચ્ચન આજે ચાર્ટર્ડ પ્લેનમાં અયોધ્યા આવ્યા હતા. સાથે તેમનો અભિનેતા પુત્ર અભિષેક પણ હતો

આમંત્રણ હોવા છતાં અક્ષય કુમારથી લઈને વિરાટ-અનુષ્કા સુધીના સેલેબ્સ હાજર નહીં રહ્યા

મુંબઈ: તા. 22 અક્ષય કુમાર - આ લિસ્ટમાં પહેલું નામ બોલિવૂડ ખેલાડી એટલે કે અક્ષય કુમારનું છે. જે આ દિવસોમાં પોતાની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ના શૂટિંગમાં વ્યસ્ત છે. તેથી જ તેઓ અયોધ્યા પહોંચ્યા નથી. ટાઇગર શ્રોફ - એક્ટર ટાઇગર શ્રોફને પણ રામ મંદિરના ઉદ્ઘાટન માટે આમંત્રણ મળ્યું હતું, પરંતુ અભિનેતા અક્ષય કુમાર સાથેની ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં'ના શૂટિંગમાં પણ વ્યસ્ત છે. તેથી જ તેણે કાર્યક્રમમાં ભાગ લીધો ન હતો. અનુષ્કા શર્મા-વિરાટ કોહલી - બી-ટાઉનમાં ચાહકોના પ્રિય કપલ અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીને પણ આ ઇવેન્ટ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ બંનેમાંથી કોઈએ રામ મંદિરના ઉદ્ઘાટનમાં હાજરી આપી ન હતી. પ્રભાસ- આ ઉદ્ઘાટન કાર્યક્રમ માટે દક્ષિણના અભિનેતા પ્રભાસને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ અભિનેતા અયોધ્યા પહોંચ્યા ન હતા. મોહનલાલ - સાઉથના સુપરસ્ટાર મોહનલાલ પણ આમંત્રણ મળવા છતાં અયોધ્યા પહોંચ્યા ન હતા. વાસ્તવમાં તે પોતાની આગામી ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. આશા ભોસલે-લતા મંગેશકરના પરિવારને પણ રામ મંદિરના ઉદ્ઘાટન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેમની બહેન અને ગાયિકા આશા ભોસલે પણ કાર્યક્રમમાંથી ગાયબ હતી. જુનિયર એનટીઆર - દક્ષિણ ઉદ્યોગના લોકપ્રિય અભિનેતા જુનિયર એનટીઆર પણ તેમના વ્યસ્ત શેડ્યૂલને કારણે આ કાર્યક્રમમાં હાજરી આપી શક્યા ન હતા. એમએસ ધોની- મહેન્દ્ર સિંહ ધોનીને પણ રામ મંદિરના ઉદ્ઘાટન માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ તેઓ પણ અયોધ્યા પહોંચ્યા ન હતા.

શંકર મહાદેવન-સોનુ નિગમે ભજનો ગાયા

અયોધ્યા: તા. 22. અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાની વિધિ ચાલી રહી હતી ત્યારે બોલિવૂડ જગતના ઘણા દિગ્ગજ કલાકારોએ આ સમારોહમાં હાજરી આપીને આ પ્રસંગને આકર્ષિત કર્યો હતો. આમાં કેટલાક કલાકારો એવા પણ હતા જેમણે ન માત્ર કાર્યક્રમમાં હાજરી આપી પણ પોતાની રજૂઆતથી વાતાવરણને વધુ ભક્તિમય બનાવી દીધું હતું. બોલિવૂડના પીઢ સંગીત નિર્દેશક અને ગાયક શંકર મહાદેવન અને સોનુ નિગમે આ સમારોહ દરમિયાન રામાયણની ચોપાઈ અને ભજનો ગાયાં હતાં. શંકર મહાદેવન અને સોનુ નિગમ દ્વારા ગાયેલા ભજનોનો વીડિયો પણ સામે આવ્યો છે. શંકર મહાદેવને ભજન ગાવાનું શરૂ કરતાં વાતાવરણ વધુ ભક્તિમય બની ગયું હતું. શંકર મહાદેવને 'શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન'ની સ્તુતિ ગાઈને સૌને મંત્રમુગ્ધ કરી દીધા. શંકર મહાદેવન પરંપરાગત પોશાકમાં જોવા મળ્યા હતા.

મુકેશ અંબાણીનાં ઘર એન્ટિલિયા પર રામમંદિરની ભવ્ય રોશની

મુંબઈ: તા. 22. અયોધ્યાના રામ મંદિરમાં યોજાયેલા ઐતિહાસિક રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહને લઈને માત્ર દેશમાં જ નહીં, પરંતુ વિદેશમાં પણ ભારે ચર્ચા છે. દેશમાં દિવાળી જેવો માહોલ છે. દરેક રામ ભક્તનું ઘર રંગબેરંગી રોશનીથી ઝગમગી રહ્યું છે. આ દરમિયાન મુકેશ અંબાણીના એન્ટિલિયાની તસવીરો પણ સામે આવી છે. અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ નિમિત્તે મુંબઈમાં બિઝનેસ ટાયકૂન મુકેશ અંબાણીના પ્રતિષ્ઠિત નિવાસસ્થાન એન્ટિલિયાને શણગારવામાં આવ્યું છે. ઘર ખૂબ જ સુંદર લાગી રહ્યું છે. 27 માળની ઇમારત એન્ટિલિયામાં લગાવવામાં આવેલી લાઇટોની ખાસ વાત એ છે કે તેમાંથી 'જય શ્રી રામ... જય શ્રી રામ'ના ધ્વનિ સંભળાઈ રહ્યા છે. એન્ટિલિયામાં લગાવવામાં આવેલી હોલોગ્રામ લાઇટ અને લેમ્પ જોવા માટે દૂર-દૂરથી લોકો મુંબઈ પહોંચ્યા છે અને અહીં તસવીરો ખેંચાવી રહ્યા છે. એન્ટિલિયામાં કરવામાં આવેલી સજાવટ સિવાય બીજી ખાસ વાત એ છે કે એન્ટિલિયાની સામેના આખા રસ્તાને સજાવવામાં આવ્યો છે. મુકેશ અંબાણીએ એન્ટિલિયા ખાતેના તેમના ઘર અને અલ્ટા માઉન્ટ રોડ પર રોડની બંને બાજુ સજાવટ કરાવી છે. અહીં એન્ટિલિયાની બહાર મુકેશ અંબાણીએ એક વિશાળ ભંડારાનું પણ આયોજન કર્યું છે.



સાધ્વી ઋતંભરા અને ઉમા ભારતી રડી પડ્યાં

અયોધ્યા : જ્યારે જીવનનું સૌથી મોટું સપનું પૂરું થાય છે ત્યારે તેની ખુશી વ્યક્ત કરવા માટે શબ્દો ઓછા પડે છે. સાધ્વી ઋતંભરા અને ઉમા ભારતી, જેઓ રામ મંદિર આંદોલનના અગ્રણી ચહેરાઓમાંથી એક હતા, તેમની આંખો સામે ભવ્ય રામ મંદિર જોઈને તેમનાં આંસુ રોકી શક્યાં ન હતાં અને બંને નેતાઓ ગળે મળીને ખૂબ રડ્યાં હતાં. બંનેની તસવીરો સામે આવી છે. 6 ડિસેમ્બર, 1992ના રોજ, જ્યારે લાખો કારસેવકો અયોધ્યા પહોંચ્યા હતા, ત્યારે સાધ્વી ઋતંભરા અને ઉમા ભારતી પણ કારસેવકોની ભીડનું નેતૃત્વ કરનારાઓમાં સામેલ હતાં.